Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 1 • Issue :12• Date : 10-08-2023 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

Office: C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office, Junagadh, Gujarat • Editor : Vijyaben V. Sisidiya • Mo. 98790 84567

### ઈડીના ડાયરેક્ટર બની ચીટિંગ આચરતા શખ્સનો આતંક

## અમદાવાદમાં જ્યોતિષ પાસેથી ગઠિયાએ ૧.૫૦ કરોડ પડાવ્યાં

### NIAના બોગસ અધિકારીના પર્દાફાશ બાદ ઈડીના ડાયરેક્ટર બની ચીટિંગ આચરતા શખ્સનો આતંક સામે આવ્યો




અમદાવાદ

સરકારી અધિકારીના સ્વાંગ રચીને ફરવાનો હવે એક ટ્રેન્ડ બની ગયો હોય તેવું લાગી રહ્યું છે. મહાઠગ કિરણ પટેલે કરેલા કારનામા બાદ એક પછી એક કેન્દ્રીય એજન્સીઓના બોગસ અધિકારીઓ બન્યા હોવાની ઘટના સામે આવી રહી છે. થોડા દિવસ પહેલાં પત્નીને ઈમ્પ્રેસ કરવા માટે યુવક એનઆઈએનો અધિકારી બની ગયો હતો ત્યારે હવે સેટેલાઈટમાં ઈન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટ (ઈડી)ના અધિકારી બની ગઠિયાએ દોઢ કરોડ રૂપિયાનું ચીટિંગ આચર્યુ હોવાની ઘટના સામે આવી છે.

ઈડીના ડાયરેક્ટર બનીને ગઠિયાએ મકાન ભાડે લીધું અને જ્યોતિષીને સરકારી ટેન્ડર અપાવી દેવાનું કહીને દોઢ કરોડ રૂપિયાનો ચૂનો લગાવી નાસી ગયો. ગઠિયાએ જે મકાન ભાડે લીધું હતું તે જ્યોતિષીનું હતું. જેમાં તેણે બે લાખ રૂપિયા એડ્વાન્સ ભાડા પેટે પણ આપ્યા હતા. બે લાખનું ઈન્વેસ્ટ કરીને ગઠિયાએ દોઢ કરોડ રૂપિયા પડાવી લીધા.


થલતેજ વિસ્તારમાં આવેલા સુદર્શન ટાવરમાં રહેતા અને ઈસ્કોન મંદિરની સામે આવેલા બાલેશ્વર સ્કવેરમાં છેલ્લા સાડા ત્રણ વર્ષથી નવગ્રહ મંડળ નામની ઓફિસના વાઈસ પ્રેસિડેન્ટ ઝરણાંબહેન ઠાકરે સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ઓમવીરસિંહ વિજય પ્રકાશસિંહ નામના ગઠિયા વિરુદ્ધ દોઢ કરોડનાં ચીટિંગની ફરિયાદ કરી છે. નવગ્રહ મંડળની ઓફિસના માલિક ડો.રવિ રાવ છે અને તેમનું આંબલી-બોપલ રોડ ઉપર મકાન આવેલું છે. જે ભાડે આપવાનું હોવાથી ઝરણાંબહેને ત્રણ ચાર એજન્ટને વાત કરી હતી. માર્ચ મહિનાની આસપાસ ઝરણાંબહેન તેમની ઓફિસ પર હાજર હતાં ત્યારે એજન્ટ દિવ્યાંગભાઈ મકાન ભાડે લેવા મામલે ઓફિસ પર આવ્યા હતા, દિવ્યાંગભાઈ સાથે એક શખ્સ પણ હતો જેણે પોતાની ઓળખ ઓમવીરસિંહ હોવાનું જણાવ્યું હતું. ઓમવીરસિંહ સેન્ટ્રલ એજન્સી ઈન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટ (ઈડી)માં ડાયરેક્ટર તરીકે ફરજ બજાવતા હોવાનું તેણે ઝરણાંબહેનને કહ્યું બીજા દિવસે ઝરણાંબહેને ફોન કરીને દિવ્યાંગભાઈ અને ઓમવીરસિંહને મકાન જોવા માટે આંબલી-બોપલ બોલાવ્યા હતા. બંને જણા મકાન જોવા માટે આવતાં તેમને મકાન પસંદ આવ્યું હતું. ઓમવીરસિંહે ભાડા કરાર કરાવી લીધો હતો અને બે લાખ રૂપિયા એડ્વાન્સ ભાડા પેટે આપી દીધા હતા. મકાન ભાડે રાખ્યાના પંદર દિવસ બાદ ઓમવીરસિંહે નવગ્રહ મંડળ મારફતે ઘરમાં સેવા પૂજા કરાવી હતી. ઓમવીરસિંહે નવગ્રહ મંડળના માલિક ડો.રવિ રાવને જણાવ્યું હતું કે મારી ખૂબ મોટી મોટી ઓળખાણો છે. જેથી કાંઈ પણ કામકાજ હોય તો મને કહેજો. રવિ રાવે તેમના ક્લાયન્ટ પ્રદીપ ઝાનાં કોઈ કામકાજના ટેન્ડરનું કામ કરાવી આપવાની વાત તેને કરી હતી. ઓમવીરસિંહે ટેન્ડરનું કામ ગેરેંટી સાથે કરી આપવાની વાત કરતાં દોઢ કરોડ રૂપિયા આપવાની વાત કરી હતી. રવિ રાવને વિશ્વાસ આવી જતાં બ્રિજેશ ઝાએ દોઢ કરોડ રૂપિયા ઓમવીરસિંહને આપ્યા હતા. ઓમવીરસિંહને આપેલા તમામ રૂપિયાની જવાબદારી રવિ રાવે લીધી હતી. બ્રિજેશ ઝાને ટેન્ડર નહીં મળતા અંતે તેણે રવિ રાવ પર દબાણ કર્યું હતું. રવિ રાવે ઓમવીરસિંહને દબાણ કરતાં તે ખોટા ખોટા વાયદા કરતો હતો. ઓમવીરસિંહે ચીટિંગ કર્યું હોવાનું સામે આવતાં અંતે સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ઝરણાંબહેન પોલીસ ફરિયાદ કરી છે. પોલીસે આ મામલે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે. રવિ રાવ સતત ફોન કરીને ઓમવીરસિંહ પાસે રૂપિયાની ઉઘરાણી કરતા હતા તથા તેમણે તેમના કર્મચારીને આંબલી-બોપલ રોડ ખાતે આવેલા મકાનમાં તપાસ કરવા માટે મોકલ્યા હતા. જ્યારે કર્મચારીઓ તપાસ કરવા માટે ગયા ત્યારે તેમને ખબર પડી કે ઓમવીરસિંહ મકાન ખાલી કરીને નાસી ગયો છે. રવિ રાવે સતત તેને વોટ્સએપ પર કોલ કર્યા હતા પરંતુ તેણે કોઈ જવાબ ન આપતાં અંતે ઝરણાંબહેન પોલીસ ફરિયાદ કરી છે.

### મુંબઈ-દિલ્હી ફ્લાઈટ હાઈજેક કેસ

## ગુજરાત હાઈકોર્ટે આરોપી બિરજુ સલ્લાને નિર્દોષ જાહેર કર્યો

અમદાવાદ

મુંબઈ-દિલ્હી ફ્લાઈટને હાઈજેક કરવાનાં કેસમાં આરોપી બિરજુ સલ્લાને કોર્ટ દ્વારા નિર્દોષ જાહેર કરવામાં આવ્યો છે. ત્યારે ગુજરાત હાઈકોર્ટ દ્વારા આરોપી બિરજુ સલ્લાને નિર્દોષ જાહેર કર્યો છે. તેમજ આરોપીની જપ્ત કરાયેલ સંપત્તિ અને દંડની રકમ પણ પરત કરવા હાઈકોર્ટે હુકમ કર્યો હતો. આ કેસમાં સ્પેશિયલ NIA કોર્ટે આરોપીને આજીવન કેદની સજા ફટકારી હતી. ૩૦ ઓક્ટોમ્બર ૨૦૧૭ નાં રોજ દિલ્હી- મુંબઈ ફ્લાઈટનું અમદાવાદમાં ઈમરજન્સી લેન્ડીંગ થયું હતું. ફ્લાઈટમાં બિઝનેસ ક્લાસમાં પ્રવાસ કરી રહેલા બિરજુ સલ્લાએ ટોલટેલમાં મેસેજ લખ્યો હતો કે, "ફ્લાઈટમાં હેકર્સ હાજર છે" જે ધ્યાને આવતા વિમાનનું ઈમરજન્સી



લેન્ડિંગ થયુ હતુ. આ બાબતે બિરજુ સલ્લાનાં વકીલ વિક્રમ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, અમારા ક્લાઈન્ટ પર એવો ચાર્જ મુકવામાં આવ્યો હતો કે, કોઈ પણ પુરાવા પ્રોસીક્યુશન દ્વારા મુકવામાં આવ્યા ન હતા કે જેથી સાબિત થઈ શકે કે અમારા ક્લાઈન્ટે આવું કર્યુ હોય. કોર્ટે મેટર સાંભળેલી હતી અને ઓર્ડર રિઝર્વ રાખ્યો હતો. ત્યારે આજે ઓર્ડર પ્રિનાઉન્સ કર્યો છે. હાઈકોર્ટ દ્વારા જારી કરેલ ઓર્ડર પ્રિનાઉન્સમાં ઘણા મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો છે. જેમાં આ જે થ્રીટ હતી તે કેડીશલ થ્રીટ હતી. આ જે થ્રીટ મુકવામાં આવી હતી. તેનાથી પેસેન્જર, પાયલટ, ક્રૂ મેમ્બર બધા જ ગભરાઈ ગયા હતા. જેથી જે એરક્રાફટ મુંબઈ થી દિલ્હી જઈ રહ્યું હતું તેને અમદાવાદ ડાયવર્ટ કરવામાં આવ્યું. કોર્ટે એવું પણ કહ્યું કે આ જ એરક્રાફ્ટ હતું તે ફીઝીકલી પાયલોટનાં કંટ્રોલમાં હતું. પણ જ્યારે ડાયવર્ટ કરવામાં આવ્યું ત્યારે ઈનડાયરેક્ટલી કંટ્રોલ જે વ્યક્તિ દ્વારા થ્રીટ નોટ મુકી હોય તેનાં કંટ્રોલમાં હતું. પરંતુ પ્રોસીક્યુશન એમનો કેસ સાબિત કરી શક્યા ન હતા. કે ખરેખર આ થ્રીટ નોટ કોણે મુકેલી છે. જે સાબિત કરવામાં પ્રોસીક્યુશન નિષ્ફળ નીવડી છે. જેથી હોઈકોર્ટે એવું નક્કી કર્યુ કે મારો ક્લાઈન્ટ નિર્દોષ છે. તેમજ તેમની ઉપર જે ચાર્જ લગાવવામાં આવ્યા હતા તે તમામ ચાર્જમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા.

### અમૂલની જાહેરાત બાદ પશુપાલકોમાં ખુશી

## અમૂલ દ્વારા દૂધના ખરીદ ભાવમાં વધારો કરાયો

### નવો ભાવ પ્રતિકિલો ફેટ ૮૫૦ રૂપિયા કરાયો છે, ગાયના દૂધમાં પણ પ્રતિકિલો ફેટે ૧૩.૭૦ રૂપિયાનો વધારો કરાયો છે

આણંદ

૭ લાખ પશુપાલકો માટે ખુશીના સમાચાર: અમૂલ દ્વારા દૂધના ખરીદ ભાવમાં રૂપિયા ૩૦નો વધારો કરાયો છે, ૧૧ ઓગસ્ટથી પ્રતિકિલો ફેટ ૮૫૦ રૂપિયા ચુકવવામાં આવશેઆ ભાવ વધારો ૧૧ ઓગસ્ટથી લાગુ કરવામાં આવશે અને હવે નવો ભાવ પ્રતિકિલો ફેટ ૮૫૦ રૂપિયા કરાયો છે.

ગાયના દૂધમાં પણ પ્રતિકિલો ફેટે ૧૩.૭૦ રૂપિયાનો વધારો કરાયો છે. અમૂલ ડેરીમાં દરરોજ લાખો લિટર દૂધની આવક નોંધાય છે. જેની જગ વિખ્યાત વિવિધ પ્રોડ્કટ ધૂમ મચાવી રહી છે. ત્યારે સતત દૂધની માંગ અને વપરાશ વચ્ચે અમૂલ ડેરીએ પશુપાલકોના હિતમાં મોટો નિર્ણય લીધો છે. ડેરી દ્વારા દૂધના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. પહેલા દૂધનો ભાવ પ્રતિ કિલો ફેટે ૮૨૦ રૂપિયા હતો જેમાં ૩૦ રૂપિયાનો વધારો કરી ૮૫૦ રૂપિયા પ્રતિ કિલો ફેટે કરાયો છે. આ જાહેરાત બાદ પશુપાલકો આનંદની લાગણી અનુભવી રહ્યા છે. અમૂલ ડેરીના આ નિર્ણયથી ૭ લાખ પશુપાલકોને ફાયદો થશે.

## તંત્રીની કલમે................

# વેડફાતાં સત્ર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હાલમાં વિપક્ષી દળોના નકારાત્મક વલણ તરફ સંકેત કરતાં કહ્યું કે તેઓ હજુ પણ જૂના ચીલે ચાલી રહ્યા છે અને ના તો ખુદ કશું કરવા માંગે છે કે ના બીજાને કરવા દે છે, તે વેડફાતાં સંસદ સત્રોને જોતાં સત્ય જ લાગી રહ્યું છે. નકારાત્મક રાજકારણને લીધે જ સંસદનું ચાલી રહેલું ચોમાસું સત્ર પણ વેડફાઈ રહ્યું છે. વિપક્ષ એક તરફ તો મણિપુરની ઘટનાઓને લઈને બહુ જ ચિંતિત અને વ્યથિત હોવાનો ડોળ કરે છે, જ્યારે તે એના પર સંસદમાં સાર્થક ચર્ચા થવા નથી દેતો. એ સમજવું મુશ્કેલ છે કે દિલ્હીમાં સેવાઓ સંબંધી વિધેયક પર વિપક્ષે જે રીતે લોકસભાની ચર્ચામાં ભાગ લીધો, એ જ રીતે તે અન્ય વિધેયકો રજૂ અને પસાર થવામાં સામેલ થવાનું કેમ જરૂરી નથી સમજી રહ્યો. સંસદ ત્યારે જ ચાલી શકે છે જ્યારે સત્તાપક્ષ અને વિપક્ષ, બંને વચ્ચે કોઈ સમજ અને સમન્વય સ્થપાયેલો હોય, પરંતુ છેલ્લા કેટલાક સમયથી એ જોવા મળી રહ્યું છે કે સત્તાપક્ષ અને વિપક્ષ કોઈપણ મામલે એકમત નથી દેખાતા. આ જ કારણ છે કે સંસદમાં સાર્થક ચર્ચાનો અભાવ વધતો જાય છે.

વાત માત્ર ચોમાસા સત્રમાં થઈ રહેલા હંગામાની જ નથી, તેના પહેલાં પણ જે સત્રો થયાં, તેનો મોટાભાગનો હિસ્સો ગતિરોધ અને હંગામામાં જ ધોવાઈ ગયો. ત્યાં સુધી કે બજેટ સત્રમાં પણ હંગામો જ થતો રહ્યો. બજેટ સત્ર દરમ્યાન એટલો બધો હંગામો થયો કે સામાન્ય બજેટને પણ ચર્ચા વગર જ પસાર કરવું પડ્યું. મોદી સરકારના આ કાર્યકાળમાં એ યાદ કરવું મુશ્કેલ છે કે કયા વિધેયક પર સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચે ગહન-વિસ્તૃત ચર્ચા થઈ હતી. વિપક્ષે એ સમજવું જોઈએ કે વિરોધ માટે વિરોધની રાજનીતિથી તે પોતાનું જ નુક્સાન કરી રહ્યો છે. ચોમાસું સત્રમાં વિપક્ષી દળોએ જેવું વલણ અપનાવ્યું, તેનાથી આમ જનતા વચ્ચે એ જ સંદેશ ગયો કે તેઓ જાણીજોઈને સંસદને ચાલવા દેવા નથી માંગતા. વિપક્ષી દળોએ એ સમજવું જોઈએ કે સંસદમાં હંગામો કરીને તેમને કોઈ રાજકીય લાભ નથી મળવાનો. તેનાથી વિપરીત આમ જનતા એ જોઈ-સમજી રહી છે કે તેની નકારાત્મક રાજનીતિ કેટલાય મહત્ત્વના મામલે સમાધાન શોધવામાં બાધક બની રહી છે. વિપક્ષ પોતાના આ વલણ પાછળ ભલે ગમે તે તર્ક આપે, પરંતુ તેને એની અનુભૂતિ હોવી જોઇએ કે સંસદની ગરિમા અને મહત્ત્વ યથાવત રાખવા માટે તેની પણ એટલી જ જવાબદારી છે જેટલી સત્તાપક્ષની. સત્તાપક્ષ અને વિપક્ષમાં મતભેદ હોય તે સ્વાભાવિક છે, પરંતુ લોકતંત્ર તો મતભેદો વચ્ચે સમન્વય સ્થાપવાનું સાધન છે. જો સત્તાપક્ષ અને વિપક્ષમાં સામંજસ્યનો અભાવ આ જ રીતે વધતો રહ્યો તો તેનાથી માત્ર સંસદની ગરિમા જ નહીં ઘટે, બલ્કે પક્ષ-વિપક્ષ વચ્ચે રાજકીય કટુતા પણ વધશે. તે ઉપરાંત જો વિધેયક સમય પર સંશોધિત-પરિવર્તિત અને પસાર નહીં થાય તો તેનાથી દેશની પ્રગતિ પણ અટકી જશે.

# એસટી બસમાં લેપટોપના ઉપયોગ બદલ ભાડું લેવાયું

અમદાવાદ : ગુજરાતભરમાં રોજ લાખો લોકો એસટી બસમાં મુસાફરી કરતા હોય છે. લગભગ રોજ ૨૫ લાખ જેટલા મુસાફરો એસટી બસનો લાભ લે છે. તમે પણ એસટી બસમાં મુસાફરી જરૂર કરી હશે. એસટી બસમાં મુસાફરી કરતી વખતે કેટલીકવાર કોઈ વ્યક્તિને તમે લેપટોપ પર કામ કરતા પણ જોયા જ હશે. ત્યારે આજે અરવલ્લી જિલ્લાના મોડાસામાંથી વિચિત્ર ઘટના સામે આવી છે. વાસ્તવમાં એસટી બસમાં લેપટોપનો ઉપયોગ કરવા બદલ મુસાફર પાસેથી ૮૮ રૂપિયા ભાડું વસુલવામાં આવતા એસટી બસના કંડકટર વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી છે.

અંતોલી-અમદાવાદની ST બસમાં મોડાસાના બેંક કર્મચારીને ખરાબ અનુભવ થયો. મોડાસાથી અમદાવાદ જતી બસમાં કંડક્ટરે બેંક કર્મચારી પાસેથી બસમાં લેપટોપ વાપરવા બદલ ૮૮ રૂપિયા ભાડું લીધું હતું. બસમાં લેપટોપ વાપરવા બદલ ભાડું લેવામાં આવતા બેંક કર્મચારી હચમચી ગયા હતા. જે બાદ તેઓએ સોશિયલ મીડિયા દ્વારા સમગ્ર મામલો બહાર લાવવા પ્રયાસ કરાયો હતો. આ અંગેની જાણ ST વિભાગને થતાં એસટી વિભાગ દ્વારા બસના કંડક્ટર સામે કાર્યવાહી કરવામાં આવી છે.

## ગુજરાતીઓ માટે સારા સમાચાર

# નર્મદા ડેમ ૧૩૧ મીટર નજીક પહોંચતા લોકોમાં ખુશી



નર્મદા

ગુજરાતવાસીઓ માટે સારા સમાચાર સામે આવ્યા છે. આ સિઝનમાં પહેલીવાર નર્મદા ડેમ ૧૩૧ મીટરને નજીક પહોંચી ગઈ છે. હવે ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમની જળ સપાટી ૧૩૦.૯૮ મીટરે પહોંચી ગઈ છે. આપને જણાવીએ કે, ૨૪ કલાકમાં ડેમની જળ સપાટીમાં ૧૫ સેમીનો વધારો થયો છે. જ્યારે રાજ્યમાં સાર્વત્રિક વરસાદને કારણે ૧૦૦ ટકાથી વધુ જળસંગ્રહ થયેલા ૯૫ જળાશયો હાઈ એલર્ટ પર છે. આજે સરદાર સરોવર નર્મદા ડેમની જળ સપાટી ૧૩૦.૯૮ મીટરે નોંધાઈ છે. આ ડેમની મહત્તમ સપાટી ૧૩૮.૬૮ મીટર છે. આ ડેમને મહત્તમ ભરાવવામાં હજી થોડા જ મીટરની વાર છે. હાલ પાણીની આવક ૨૨,૧૧૯ ક્યુસેક નોંધાઈ છે. છેલ્લા ત્રણ કલાકમાં પાણીની સરેરાશ આવક ૫૨,૦૨૫ ક્યૂસેક થઈ છે. જ્યારે રિવરબેડ પાવરહાઉસમાંથી નદીમાં ૪૪,૩૫૬ ક્યૂસેક પાણીની જાવક થઈ છે. ૨૪ કલાકમાં સપાટીમાં ૧૫ સે.મી.નો વધારો થયો છે. રાજ્યના સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા સોમવારે મળેલા અહેવાલો પ્રમાણે, રાજ્યમાં વરસી રહેલા વરસાદના પરિણામે ચાલુ મોસમનો કુલ સરેરાશ વરસાદ ૭૯.૮૩ ટકા નોંધાયો છે. જેમાં કચ્છ ઝોનમાં મોસમનો સૌથી વધુ ૧૩૫.૮૦, સૌરાષ્ટ્રમાં ૧૦૯.૪૬ ટકા ઉત્તર ગુજરાતમાં ૬૬.૮૫ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૭૦.૫૦ ટકા, પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૬૩.૪૭ ટકા મોસમનો કુલ સરેરાશ વરસાદ વરસ્યો છે. રાજ્યના મહત્વની ૨૦૭ જળ પરિયોજનાઓમાં ૭૨.૨૬ ટકા જેટલો જળસંગ્રહ થયો છે. જેમાં રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં ૨,૫૧,૧૮૪ એમ.સી.એફ.ટી. જળસંગ્રહ છે જે કુલ જળસંગ્રહ શક્તિના ૭૫.૧૯ ટકા જેટલો જળસંગ્રહ થયો છે. આ ઉપરાંત ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૭૧.૧૭ ટકા, મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં ૧૮.૯૭ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૭૨.૩૭ ટકા, કચ્છ ઝોનના ૨૦ જળાશયોમાં ૬૬.૨૩ ટકા તથા સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૮૩.૭૦ ટકા જળસંગ્રહ થયો છે.

# વિદ્યાપીઠના સત્તાધીશો સામે વિદ્યાર્થીઓએ આંદોલન શરૂ કર્યું

અમદાવાદ

ગુજરાત વિદ્યાપીઠમાં વર્ષોથી ચાલી આવતી સર્વધર્મ પ્રાર્થના ઉપર એકાએક સત્તાધીશો દ્વારા રોક લગાવવામાં આવ્યો છે. ત્યારે સત્તાધીશોનાં આ જોહુકમી નિર્ણય સામે ગુજરાત વિદ્યાપીઠનાં વિદ્યાર્થીઓ દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે વિરોધ નોંધાવ્યો છે. વિદ્યાર્થીઓ દ્વારા કાળી પટ્ટીધારણ કરી તેમજ રેટીયોકાતિને વિરોધ નોંધાવ્યો હતો. વિદ્યાર્થીઓનાં અવાજનો દબાવા માટે વિદ્યાપીઠનાં સત્તાધીશો પ્રયાસ કરી રહ્યા છે. ત્યારે સત્તાધિશોની મનમાની સામે વિદ્યાર્થીઓએ ગાંધી ચીંધ્યા માર્ગે વિરોધ પ્રદર્શન કર્યું હતું.

ગુજરાત વિદ્યાપીઠમાં વિદ્યાર્થીઓ દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે વિરોધ નોંધાવ્યો છે. ત્યારે આ મામલે ગૂજરાત યુનિવર્સિટીનાં કાર્યકારી કુલસચિવ નિખિલ ભટ્ટે જણાવ્યું હતું કે, જે મેટર છે તે બે ડિપાર્ટમેન્ટની મેટર છે. અને તે ડીનનાં અન્ડરમાં આવે છે. ત્યારે વિદ્યાર્થીઓ તરફથી હજુ વહીવટીય વિભાગમાં હજુ કોઈ રજૂઆત આવી નથી. એ લોકોએ જે રજૂઆત કરી છે તે ડીન કક્ષાએ કરી છે. કોઈ વિદ્યાર્થીને ઉપાસના કરતા રોકી ન શકાય અને રોકવામાં આવ્યા છે તેવી કોઈ માહિતી મારી પાસે આવી નથી. કોઈ પણ મુદ્દો હોય તો તેનો વાટાઘાટોથી તેનો નિર્ણય લાવી શકાય છે. ગુજરાત વિદ્યાપીઠમાં વિદ્યાર્થીઓ દ્વારા વિરોધ મામલે કોંગ્રેસનાં મુખ્ય પ્રવક્તા મનીષ દોશીએ પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે ગૂજરાત વિદ્યાપીઠમાં વિદ્યાર્થીઓ વિરોધ કરી રહ્યા છે. ત્યારે ગુજરાત વિદ્યાપીઠનાં માળખાને તોડવાનું કામ સરકારે કર્યું છે. અમદાવાદની ગૂજરાત વિદ્યાપીઠમાં અધ્યાપકો વચ્ચે ઉગ્ર બોલાચાલી થવા પામી હતી. ત્યારે ૨ ડિનનો પ્રાર્થનાં સભામાં ઉગ્ર બોલાચાલીનો વીડિયો વાયરલ થતા હડકંપ મચી જવા પામ્યો હતો. હિંદી વિભાગ અને અર્થશાસ્ત્ર વિભાગનાં હેડનો વીડિયો સામે આવ્યો છે. જેમાં રામ ગોપાલ સિંહ અને નિમિષા શુક્લ વચ્ચે ઉગ્ર બોલાચાલી થવા પામી હતી. ઉગ્ર બોલાચાલીથી પ્રાર્થનાખંડની શિસ્તતા ખોરવાઈ હતી.

## MLA કુમાર કાનાણીએ પ્રતિક્રિયા મામલો

# કાનાણી સામે TRB જવાનને ખખડાવવા બાબતે ટ્રાફિક DCPને અરજી

### પોલીસને કાર્યવાહીમાં તેઓ સંપૂર્ણ સહકાર આપશે અને કાયદા મુજબ પોલીસ કાર્યવાહી કરશે

સુરત

સુરત શહેરમાં કુમાર કાનાણીનો એક વીડિયો વાયરલ થયો હતો. વીડિયોમાં જોવા મળી રહ્યુ હતુ કે, વરાછાના ધારાસભ્ય કુમાર કાનાણી TRB જવાનને ધમકાવી રહ્યા હોય એમ લાગી રહ્યુ હતુ. કુમાન કાનાણીએ જવાનને લાફો ઝીંકવાની ધમકી આપી હોવાના પણ આક્ષેપ થયા હતા. હવે આ મામલાં સુરતના ટ્રાફિક DCPને અરજી આપવામાં આવી છે. અરજી બાદ હવે પોલીસ કેવી કાર્યવાહી કરે છે તેની રાહ જોવાઈ રહી છે.

કુમાર કાનાણી મોપેડ લઈને નિકળ્યા હતા અને તેઓએ હેલમેટ પહેર્યુ નહોતુ. આમ મોપેડ પર નિકળવા દરમિયાન હેલમેટ નહીં પહેરવાને લઈને પણ વિવાદ સર્જાયો હતા. જોકે હવે મામલો ડીસીપી પાસે પહોંચ્યો છે.

કુમાર કાનાણીએ પ્રતિક્રિયા મામલામાં આપી છે કે, પોલીસને કાર્યવાહીમાં તેઓ સંપૂર્ણ સહકાર આપશે અને કાયદા મુજબ પોલીસ કાર્યવાહી કરશે. મેં કોઈને કાંઈ ધમકાવ્યા નથી, માત્ર ટ્રાફિક બાબતની વાત જવાન સાથે કરી હતી.

### કેજરીવાલે લોકસભા ચૂંટણી લડવાને લઈને લીલી ઝંડી

# AAP ના આ ધારાસભ્યએ લોકસભાની ચૂંટણી લડવાની શરૂ કરી તૈયારી

### ઈસુદાન ગઢવીએ દાવો કર્યો છે કે ગુજરાતમાં ૨૬ માંથી ૨૬ બેઠકો પર ભાજપ હવે નહિ જીતી શકે

અમદાવાદ

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીને લઈને મોટા સમાચાર આવ્યા છે. ગુજરાતમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાએ લોકસભા ચૂંટણી લડવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે.

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે લોકસભા ચૂંટણી લડવાને લઈને લીલી ઝંડી આપતા ચૈતર વસાવાએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. ચૈતર વસાવા સાંસદ મનસુખ વસાવાને ચૂંટણીમાં ટક્કર આપશે. સાથે જ આમ આદમી પાર્ટીએ દાવો કર્યો હતો કે તે બારડોલી, વલસાડ, દાહોદ, છોટાઉદેપુર બેઠક પર ઉમેદવારો ઉતારશે. સાથે જ જૂનાગઢ લોકસભા બેઠક પર પણ AAP ઉમેદવાર ઉતારે તેવી સંભાવના છે. ગુજરાતમાં કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટી ગુજરાતમાં ગઠબંધન કરશે. આમ આદમી પાર્ટીએ ગુજરાતમાં કૉંગ્રેસ સાથે મળી ચૂંટણી લડવાની જાહેરાત કરી છે.

૨ મહીના સુધી બેઠકો થશે ત્યારબાદ ચર્ચા કરવામાં આવશે. દેશમાં હાલ વિપક્ષી દળોનું ઈન્ડીયા ગઠબંધન બનાવવામાં આવ્યું છે. આમ આદમી પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવીએ પત્રકાર પરિષદ સંબોધતા મોટી જાહેરાત કરી હતી. તેમણે કહ્યું ભાજપ હવે લોકસભા ચૂંટણીમાં ૨૬માંથી ૨૬ બેઠકો નહી જીતી શકે. આમ આદમી પાર્ટી અને કૉંગ્રેસ બેઠકોની વહેંચણી કરી લોકસભા ચૂંટણી ૨૦૨૪ લડશે. ઈન્ડિયા ગઠબંધન માં કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટી જોડાયેલા હોવાથી લોકસભાની ચૂંટણી સાથે લડશે. ગુજરાતમાં જ્યાં-જ્યાં આમ આદમી પાર્ટી મજબૂત છે તેવા વિસ્તારોની બેઠક બાબતે વિચારણા કરાશે.



ત્યારબાદ ટિકીટોની વહેંચણી અંગે નિર્ણય લેવામાં આવશે. ગુજરાત આમ આદમી પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવીએ દાવો કર્યો છે કે ગુજરાતમાં ૨૬ માંથી ૨૬ બેઠકો પર ભાજપ હવે નહિ જીતી શકે.

અત્યારે પ્રાથમિક તબક્કાની પ્રોસેસ ચાલી રહી છે. ઈન્ડિયાના ગઠબંધનમાં ગુજરાતમાં ચૂંટણી લડાશે. જ્યાં આમ આદમી પાર્ટી મજબૂત છે તેવા વિસ્તારો ની બેઠક બાબતે વિચારણા બાદ ટિકીટની વહેંચણી અંગે નિર્ણય લેવામાં આવશે. ગુજરાત વિધાનસભામાં કુલ ૧૮૨ બેઠકો છે. જેમાં ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ રેકોર્ડબ્રેડ જીત મેળવી ૧૫૬ બેઠકો પર જીત મેળવી હતી. જ્યારે કૉંગ્રેસના ખાતામાં માત્ર ૧૭ બેઠકો આવી હતી.

# સીએ ફાઉન્ડેશનની પરીક્ષામાં અમદાવાદના ૫૨૩ વિદ્યાર્થી પાસ થયા

અમદાવાદ, તા.૮

ધી ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ) દ્વારા જૂન, ૨૦૨૩માં લેવાયેલી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (સીએ) ફાઉન્ડેશનની પરીક્ષાના પરિણામો આજે જાહેર કરવામાં આવ્યા હતાં.જૂન ૨૦૨૩માં યોજાયેલી ફાઉન્ડેશન પરીક્ષામાં અમદાવાદમાંથી કુલ ૨૨૭૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૫૨૩ વિદ્યાર્થીઓ પાસ થયા છે, જે ૨૨.૯૭ની ટકાવારી સુચવે છે. ધી ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયાની અમદાવાદ બ્રાન્ચમાંથી કોચિંગ મેળવેલા કુલ ૪૦ વિદ્યાર્થિઓએ પરીક્ષા આપી હતી જેમાંથી ૧૧ વિદ્યાર્થિઓ પાસ થયા છે. જે ૨૭.૫૦ ટકાવારી સુચવે છે. સમગ્ર ભારતમાં ૧,૦૩,૫૧૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૨૫,૮૬૦ વિદ્યાર્થીઓ પાસ થયા છે, જે ૨૪.૯૮ની ટકાવારી સુચવે છે.ચેરપર્સન સીએ ડો. અંજલી ચોક્સીએ સીએ ફાઉન્ડેશન પરીક્ષાનાં પરિણામો અંગે વધુમા જણાવ્યુ હતું કે, ડિસેમ્બર ૨૦૨૨માં યોજાયેલી ફાઉન્ડેશન પરીક્ષામાં અમદાવાદમાંથી કુલ ૩૬૭૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૧૩૯૩ વિદ્યાર્થીઓ પાસ થયા હતાં, જે ૩૭.૯૦ની ટકાવારી સુચવે છે. સમગ્ર ભારતમાં ૧,૨૬,૦૧૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૩૬૮૬૪ વિદ્યાર્થીઓ પાસ થયા હતાં, જે ૨૯.૨૫ની ટકાવારી સુચવે છે.જુલાઈ ૨૦૨૨માં યોજાયેલી ફાઉન્ડેશન પરીક્ષામાં અમદાવાદમાંથી કુલ ૨૩૬૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૭૦૪ વિદ્યાર્થીઓ પાસ થયા હતાં, જે ૨૯.૮૩ની ટકાવારી સુચવે છે. સમગ્ર ભારતમાં ૯૩૭૨૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૨૩૬૯૩ વિદ્યાર્થીઓ પાસ થયા હતાં, જે ૨૫.૨૮ની ટકાવારી સુચવે છે.

# કાનાણી સામે TRB જવાનને ખખડાવવા બાબતે ટ્રાફિક DCPને અરજી

સુરત

સુરત શહેરમાં કુમાર કાનાણીનો એક વીડિયો વાયરલ થયો હતો. વીડિયોમાં જોવા મળી રહ્યુ હતુ કે, વરાછાના ધારાસભ્ય કુમાર કાનાણી TRB જવાનને ધમકાવી રહ્યા હોય એમ લાગી રહ્યુ હતુ. કુમાન કાનાણીએ જવાનને લાફો ઝીંકવાની ધમકી આપી હોવાના પણ આક્ષેપ થયા હતા. હવે આ મામલાં સુરતના ટ્રાફિક DCPને અરજી આપવામાં આવી છે. અરજી બાદ હવે પોલીસ કેવી કાર્યવાહી કરે છે તેની રાહ જોવાઈ રહી છે. કુમાર કાનાણી મોપેડ લઈને નિકળ્યા હતા અને તેઓએ હેલમેટ પહેર્યુ નહોતુ. આમ મોપેડ પર નિકળવા દરમિયાન હેલમેટ નહીં પહેરવાને લઈને પણ વિવાદ સર્જાયો હતા. જોકે હવે મામલો ડીસીપી પાસે પહોંચ્યો છે. કુમાર કાનાણીએ પ્રતિક્રિયા મામલામાં આપી છે કે, પોલીસને કાર્યવાહીમાં તેઓ સંપૂર્ણ સહકાર આપશે અને કાયદા મુજબ પોલીસ કાર્યવાહી કરશે. મેં કોઈને કાંઈ ધમકાવ્યા નથી, માત્ર ટ્રાફિક બાબતની વાત જવાન સાથે કરી હતી.

# ગુણસરા ખાતે વિશ્વ આદિવાસી દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી થશે

તાપી

આદિવાસી સમાજની ગૌરવવંતી સંસ્કૃતિ ઐતિહાસિક વારસાને ઉજાગર કરવા તેમજ તેમની પરંપરા અને અસ્મિતાને ટકાવી રાખવા દર વર્ષે તા. ૯મી ઓગષ્ટને વિશ્વ આદિવાસી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વિશ્વ આદિવાસી દિવસની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવા રાજ્ય સરકાર દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્યમાં આદિજાતિ વસતી ધરાવતા ૧૪ જિલ્લાના વિવિધ સ્થળો ખાતે મુખ્યમંત્રી સહિત રાજ્ય સરકારના મંત્રીઓ અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિશ્વ આદિવાસી દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. વિશ્વ આદિવાસી દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં તાપી જિલ્લાના સોનગઢ તાલુકામાં આવેલા ગુણસરા ગામ ખાતે કરવામાં આવશે. રાજ્યકક્ષાની ઉજવણીમાં આદિજાતિ વિકાસ મંત્રી



કુબેરભાઈ ડીંડોર અને રાજ્ય મંત્રી કુંવરજીભાઈ હળપતિની પણ ઉપસ્થિતિ રહેશે.ડાંગ—આહવા ખાતે નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ, છોટા ઉદેપુર ખાતે આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ, નર્મદા-ડેડીયાપાડામાં કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ, ભરૂચ-ઝઘડીયામાં પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, નવસારી-ગણદેવીમાં પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરા, બનાસકાંઠા—દાંતામાં ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂત તેમજ દાહોદના લીમખેડા ખાતે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરિયાની અધ્યક્ષતામાં આદિવાસી દિવસ ઉજવાશે.આ ઉપરાંત વલસાડના કપરાડા ખાતે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી, નર્મદા-નાંદોદમાં સહકાર રાજ્ય મંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા, દાહોદ ખાતે પંચાયત રાજ્ય મંત્રી બચુભાઈ ખાબડ, વલસાડના ધરમપુરમાં શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયા, નવસારી-વાંસદામાં વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલ, પંચમહાલના મોરવા-હડફમાં પશુપાલન રાજ્ય મંત્રી પરસોત્તમભાઈ સોલંકી તેમજ સાબરકાંઠાના ખેડબ્રહ્મામાં અન્ન અને નાગરિક પુરવઠા રાજ્ય મંત્રી ભીખુસિંહ પરમાર સહિત રાજ્યના વિવિધ સ્થળો ખાતે સંસદ સભ્યો અને ધારાસભ્યોની ઉપસ્થિતિમાં આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવશે.

# અમદાવાદમાં પોલીસકર્મીએ વાહન હટાવવાનું કહેતા બે શખ્સોનો જીવલેણ હુમલો

અમદાવાદ

અમદાવાદ શહેરના શાહીબાગ વિસ્તારમાં આવેલી રામદેવનગર સોસાયટીમાં ગેઈટની સામે રસ્તો રોકીને ઉભેલા લોકોને હટવાનું કહેતા બંને શખ્સોએ છરી કાઢીને મારી દીધી હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે.શાહીબાગ વિસ્તારમાં આવેલી રામદેવનગર સોસાયટીમાં રહેતા અને માધુપુરા પોલીસ સ્ટેશનમાં એ.એસ.આઈ તરીકે ફરજ બજાવતા પોલીસકર્મી રાત્રીના અગિયારેક વાગ્યે પોતાની ડ્યૂટી પૂરી કરીને ઘરે પહોંચ્યા હતા. સોસાયટીના મેઈન ગેઈટની સામે બે વ્યક્તિઓ ટુ-વ્હીલર લઈને રસ્તો રોકીને ઉભા હતા.

તેથી બંને લોકોને વાહન હટાવાનું કહેતાની સાથે જ ઝઘડો શરૂ કરી દીધો હતો અને બંનેમાંથી ચિરાગ નામના શખ્સે છરી કાઢીને મારવા જતા પોલીસ કર્મીના હાથમાં વાગી ગઈ હતી. ત્યારબાદમાં આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા અને ભાગી ગયા હતા. બાદમાં ઘાયલ પોલીસકર્મીને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતો. પોલીસકર્મીએ ચિરાગ ડાભી અને તેના મિત્ર વિરુદ્ધ શાહીબાગ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

### માતા-પિતાએ જેને ત્યજી તેને USમાં મળ્યો પરિવાર

# અમેરિકન ફેમિલીએ અમદાવાદની ૩ બાળકીઓને દત્તક લીધી

## પાસપોર્ટ ઈશ્યૂ કરવામાં પણ ઓફિસર ભાવુક થઈ ગયા હતા, તેમને પણ સરળતાથી પાસપોર્ટ ઈશ્યૂ કરી આપ્યો હતો



અમદાવાદ

ગુજરાત રાજયામાં અનેક જિલ્લાઓમાં માતા-પિતા નવજાત જન્મેલા બાળકને ત્યાજી દેતા હોય છે. સમાજનો ડર હોય કે પછી અન્ય કોઈકારણ પરંતુ આ માસુમ બાળકોને ત્યારપછી અનાથ આશ્રમનો આશ્રય જ મળે છે. અમદાવાદ શહેરની ૩ બાળકીઓ સાથે પણ આવી જ કરૂણાંતિકા ઘટી હતી. જેમાં એક બાળકીને તેનો પરિવાર કાંટાળા તારની ફેન્સિંગ પાસે ત્યજીને જતો રહ્યો હતો. તો અન્ય ૨ બાળકીઓને પણ આવા જ કારણોસર ત્યજી દેવાઈ હતી. જોકે કહેવાય છે ને કે દરેકનો ભગવાન હોય છે.

તેમ લોક માન્યતા પ્રમાણે ધરતી પરના સૌથી મોટા ભગવાન એટલે માતા અને પિતા. અમેરિકાથી દેવદૂત બનીને આવેલા પરિવારોએ આવી ૩ બાળકીઓને દત્તક લઈ જીવન પલટી નાખ્યું હતું. અમદાવાદમાં જે બાળકીઓને પરિવારે ત્યજી દીધી, જેમની પાસે માતા-પિતાની હૂંફ નહોતી તેવી ૩ બાળકીઓ હવે અમેરિકા સેટલ થઈ જશે. અમેરિકાથી આવેલા પરિવારે શહેરની ૩ બાળકીઓ દત્તક લઈ માનવતાનું શ્રેષ્ઠ ઉદાહરણ સ્થાપિત કર્યું છે. જોકે આ દરમિયાન બાળકીઓને સત્તાવાર પોતાની સાથે લઈ જવા માટે અમેરિકન ફેમિલીએ તમામ પ્રોસેસ કરી દીધી હતી પરંતુ ત્યાં જવા માટે પાસપોર્ટની વ્યવસ્થા કરવી આવશ્યક હતી. અને પાસપોર્ટ બનતા પ્રોસિજર પાસ થતા ઘણો સમય પણ લાગતો હોય છે. જોકે આ દરમિયાન ઘટનાક્રમને સમજતા રિજનલ પાસપોર્ટ ઓફિસરે પણ ઝડપથી પ્રોસિજર પૂરી કરાવી આ ૩ નાની બાળકીઓને પાસપોર્ટ ઈશ્યૂ કરી આપ્યા હતા. અહેવાલ પ્રમાણે આ ૩ બાળકીઓ પૈકી એકની કહાણી ખૂબ જ કરૂણ છે.

આ એક બાળકી જ્યારે ૧૦ જ દિવસની હતી ત્યારે તેના માતા પિતાએ મહેસાણા પાસે એક કાંટાળા ફેન્સિંગના તાર બાજુમાં ત્યજી દીધી હતી. સવાર, બપોર અને સાંજ આ ૧૦ દિવસની બાળકી એકલી ત્યાં જ રહી. જોકે ત્યારપછી સ્થાનિકોને આ નવજાત બાળકી મળી ગઈ હતી અને તેમણે અમદાવાદના બાળગૃહમાં શિફ્ટ કરી હતી. જોકે હવે આ બાળકીને પણ માતા-પિતાનો સાથ મળી ગયો છે અને મહેસાણાના કાંટાળા તારોમાં ત્યજાયેલી આ બાળકી અમેરિકાના શહેરમાં જઈને વસવાટ કરશે. અમેરિકાના પરિવારે તેની સારસંભાળ રાખવાની સંપૂર્ણ જવાબદારી લઈ લીધી છે. હવે બીજી બાજુ જોવા જઈએ તો અમેરિકામાં ડોકટર તરીકે ફરજ બજાવતા ડો.દિપિકા પટેલે અમદાવાદની આ ૨ બાળકીઓને દત્તક લીધી છે. તેઓ સિંગલ પેરેન્ટ તરીકે આ બંનેને સાચવશે અને અમેરિકા લઈ જઈ નવું જીવન આપશે.

પ્રાપ્ત થતી માહિતી પ્રમાણે આ બે બાળકીઓને પણ અજ્ઞાત દંપતિ દ્વારા અનાથ આશ્રમ પાસે ત્યજી દેવાઈ હતી. ત્યારપછી તેઓ જતા રહ્યા હતા. ત્યારથી આ બંને બાળકીઓ પરિવારની શોધમાં હતી જેમાં દેવદૂત બનીને અમેરિકાની **Psycologist** ડો.દિપિકા પટેલે આમને નવું જીવન આપ્યું છે.

ઉલ્લેખનીય છે કે આ પ્રમાણે ૨ પરિવારોએ હવે દત્તક લેવાની તમામ પ્રોસિજર પૂર્ણ કરી દીધી હતી. સત્તાવાર રીતે તેઓ આ નવજાત બાળકીઓના પેરેન્ટ બની ગયા હતા. પરંતુ પ્રશ્ન હવે પાસપોર્ટનો હતો, કારણ કે આ પ્રોસિજર ઘણી લાંબી હોય છે. તેવામાં સપ્ટેમ્બર મહિનામાં તેમનો પાસપોર્ટ બનીને આવે તેવી માહિતી મળી રહી હતી. જેથી કરીને પરિવારને અમેરિકા પરત પણ જવાનું હોવાથી તેમણે રિજનલ પાસપોર્ટ ઓફિસર **Wren Mishra**નો સંપર્ક સાધ્યો હતો. જેમાં **RPO** મિશ્રાએ પણ આ પરિવારની વાત સમજી અને પ્રોસિજરને જેમ બને એમ સરળ અને ઝડપી કરવાની કામગીરી શરૂ કરી દીધી હતી. રિજનલ પાસપોર્ટ ઓફિસર મિશ્રાએ સ્પેશિયલ કેસમાં બાળકીઓને પાસપોર્ટ આપી દીધો હતો. તેવામાં સોમવારે ગુલબાઈ ટેકરા પાસે આવેલી રિજનલ પાસપોર્ટ ઓફિસ ખાતે તેમણે આ બાળકીઓના પાસપોર્ટ આપી દીધા હતા. આ દરમિયાન પરિવાર પણ ભાવુક થઈ ગયો હતો અને ત્રણેય બાળકીઓ પોતાના જીવનની નવી સફર અમેરિકા જઈને શરૂ કરવા તૈયાર થઈ ગઈ હતી. બંને અમેરિકન પરિવારોએ જણાવ્યું કે અમને તો પહેલા ચિંતા થઈ ગઈ હતી કે કેવી રીતે આ પાસપોર્ટ ઝડપથી નીકળશે. પરંતુ સુપ્રિટન્ડેન્ટ રિતેશ દવે અને રિજનલ પાસપોર્ટ ઓફિસર મિશ્રાએ મળીને અમને ઘણી મદદ કરી. જેથી કરીને હવે સમયસર અમે અમારા બાળકોને લઈને **US** જઈ શકીશું.

### રામોલ પોલીસના સીટીએમ એક્સપ્રેસ હાઈવે પર ચેકિંગમાં ભાંડો ફૂટ્યો

# મુંબઈથી સફારી કારમાં આવેલા બે શખ્સ ૩૯ લાખના ડ્રગ્સ સાથે ઝડપાયા

## પોલીસે પાર્સલ ચેક કરતાં તેમાંથી ૩૭૬ ગ્રામ ૬૦૦ મિલિગ્રામ એમડી ડ્રગ્સનો જથ્થો મળ્યો, પોલીસને શંકા ના જાય તે માટે એક મુસ્લિમ મહિલાને સાથે રખાઈ હતી

અમદાવાદ

તાજેતરમાં જ અમદાવાદમાંથી એસઓજીક્રાઈમે ૬.૬૯ લાખની કિંમતના ૬૯ ગ્રામ ૬૭૦ મિલીગ્રામ ડ્રગ્સ સાથે એક મહિલા સહિત ત્રણની ધરપકડ કરી હતી. ત્યારબાદ સારંગપુરમાંથી વધુ એક મહિલા ૧૦.૩૯ લાખના ૧૦૩ ગ્રામ ૯૦૦ મિલીગ્રામ ડ્રગ્સ સાથે પકડાઈ હતી.

હવે મુંબઈથી સફારી કારમાં આવેલા બે શખ્સો ૩૯ લાખથી વધુની કિંમતના ડ્રગ્સના જથ્થા સાથે પકડાઈ ગયાં છે. પોલીસે તેમની ધરપકડ કરીને વધુ કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે રામોલ પોલીસ સીટીએમ એક્સપ્રેસ હાઈવે પર વાહન ચેકિંગ દરમિયાન હાજર હતી. ત્યારે મુંબઈ તરફથી આવી રહેલી સફારી કારને પોલીસે ચેકિંગ માટે ઉભી રાખી હતી.

આ દરમિયાન પોલીસની પુછપરછ દરમિયાન ગાડીમાં બેઠેલા લોકોએ કંઈ પણ કહેવાનું ટાળ્યું હતું. પોલીસને શંકા જતાં ગાડીની તપાસ આદરી હતી. જેમાંથી એક પાર્સલ મળ્યું હતું. પોલીસે આ પાર્સલમાં શું છે તેવો સવાલ કરતાં આરોપીઓએ ગોળગોળ જવાબો આપ્યા હતાં. આખરે પોલીસને કડક પુછપરછ બાદ તેમણે પાર્સલમાં ડ્રગ્સ હોવાનું કબૂલ્યું હતું. પોલીસે પાર્સલ ચેક કરતાં તેમાંથી ૩૭૬ ગ્રામ ૬૦૦ મિલિગ્રામ એમડી ડ્રગ્સ નો જથ્થો મળી આવ્યો હતો. જેની કિંમત ૩૭.૬૬ થાય છે. આરોપીઓએ પોલીસને શંકા ના જાય તે માટે એક મુસ્લિમ મહિલાને સાથે રાખી હતી. આ મહિલાનો પતિ મુંબઈ જેલમાં સજા કાપી રહ્યો છે.

તેના પતિને જેલમાંથી બહાર કાઢી આપશે તેવી વાત આરોપીએ આ મહિલાને કરી હતી. પોલીસે ગાડીમાં રહેલા અયુબ કુરેશી, નુર ઈસ્લામ શેખ તથા અયુબખાનની ડ્રગ્સના જથ્થા સાથે ધરપકડ કરી હતી. પોલીસે ડ્રગ્સ સહિત ત્રણ મોબાઈલ, ગાડી અને રોકડા રૂપિયા કબજે કરીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# બ્રાન્ડેડ સીંગતેલના ભાવ ૩,૦૮૦ થી ૩૧૦૦ રૂપિયા વચ્ચે બોલાઈ રહ્યા છે

અમદાવાદ

વિદેશી ખાદ્યતેલના ઘટાડાની વચ્ચે સીંગતેલના ભાવમાં ફરી એક વખત વધારો જોવા મળ્યો છે. રાજકોટમાં સીંગતેલના ભાવમાં ૨૦ રૂપિયાનો વધારો જોવા મળ્યો છે. આ ભાવ વધારા બાદ સીંગતેલના ડબ્બાનો ભાવ ૩૧૦૦ રૂપિયા નજીક પહોંચી ગયો છે. બ્રાન્ડેડ સીંગતેલના ભાવ ૩,૦૮૦ થી ૩૧૦૦ રૂપિયા વચ્ચે બોલાઈ રહ્યા છે. પીલાણ બરની મગફળીની ઓછી આવકને લઈને ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. સાતમ આઠમના તહેવારો નજીક આવતા જ સીંગતેલનાં ભાવમાં ભડકો જોવા મળી રહ્યો છે. ટમેટા, ડુંગળી બાદ હવે સીંગતેલમાં પણ લાલચોળ તેજી જોવા મળી રહી છે. મધ્યમ અને ગરીબ વર્ગના લોકો સિંગતેલ ખાવું મુશ્કેલ બન્યું છે.

સૌરાષ્ટ્રમાં સાતમ આઠમના તહેવારોમાં ફરસાણ અને મીઠાઈ લોકો સીંગતેલમાં બનાવે છે જેના કારણે આ વખતે આ તમામ વસ્તુઓ ભાવમાં પણ વધારો જોવા મળી શકે છે. ઓછી ઉપજ અને સરસવના તેલીબિયાંના કારણે વિદેશી બજારોમાં ઘટાડાનાં વલણ વચ્ચે દિલ્હી તેલ-તેલીબિયાં બજારમાં સોમવારે સરસવનું તેલ, સોયાબીન તેલ-તેલીબિયાં, ક્રૂડ પામ ઓઈલ અને પામોલીન તેલના ભાવમાં ઘટાડો થયો હતો. સીંગદાણા તેલ-તેલીબિયાં અને કપાસિયા તેલના ભાવ તહેવારોની માંગ વચ્ચે અગાઉના સ્તરે બંધ થયા હતા. શિકાગો એક્સચેન્જ અને મલેશિયા એક્સચેન્જ હાલમાં ઘટાડા પર છે.

Publisher, Printer and Owner : VIJYABEN VANRAJSINH SISIDIYA • Printed at : Dharti Printers,
C/3, Shankar Chambers (Basement), Nr. H. K. Huose, Opp. Mrudul Tower, Ashram Road, Ahmedabad and published from Junagadh
C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office,Meeranagar Main Road, Junagadh-362001 (Gujarat) • Editor : Vijyaben Vanrajsinh Sisidiya